શ્રી૧।

# વેચાણ દસ્તાવેજ

આજરોજ તારીખ : ..../..../૨૦૧૯ ને .....વાર ના રોજ **"રાધે શ્યામ રેસીડન્સી"** નામની યોજનામાં આવેલ.................**ફ્લોર** ઉપર આવેલ ફ્લેટ નંબર : ............ નો રૂા................../- માં વેચાણ દસ્તાવેજ ... ...

**લખી લેનાર / વેચાણ રાખનાર / પ્રથમ પક્ષવાળા :**

..............................................., ઉ.વ.આ......., ધંધો : ........., રહેવાસી : .......................................................

[PAN : ...................] (જેમને હવે પછી સદર વેચાણ દસ્તાવેજમાં "પ્રથમ પક્ષવાળા" અથવા "વેચાણ રાખનાર" અથવા "તમો" તે રીતે સંબોધવામાં આવેલ છે. જે શબ્દના અર્થમાં પ્રથમ પક્ષવાળા અને / તથા તેઓના વંશ, વાલી, વારસો, સકસેસરો, એસાઈનીઓ, એકઝીક્યુટરો, એડમીનીસ્ટ્રેટરો, ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.)

**લખી આપનાર / જમીન માલિક / બીજા પક્ષવાળા :**

**મનોરથ રીયાલ્ટી એલ એલ પી [PAN : ABGFM5694M ] નામની ભાગીદારી પેઢી ના વહીવટકર્તા ભાગીદાર :- શ્રી પંકજભાઈ ઠાકોરભાઈ પટેલ,** ઉ.વ.આ.પુખ્ત, ધંધો : વેપાર, રહેવાસી : પીપળા ફળયુ, સેવાસી ગામ, તા.જી. વડોદરા. [PAN : AOHPP8510M ] (જેમને હવે પછી સદર વેચાણ દસ્તાવેજમાં "બીજા પક્ષવાળા" અથવા "વેચાણ આપનાર" અથવા "અમો" તે રીતે સંબોધવામાં આવેલ છે. જે શબ્દના અર્થમાં બીજા પક્ષવાળી ભાગીદારી પેઢીના હાલના તથા વખતો વખતના હયાત ભાગીદાર તથા નવા જોડાયેલ ભાગીદારો / તથા તેઓના વંશ, વાલી, વારસો, સકસેસરો, એસાઈનીઓ, એકઝીક્યુટરો, એડમીનીસ્ટ્રેટરો, ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.)

સદર વેચાણ દસ્તાવેજ અમો બીજા પક્ષવાળા તમો / પ્રથમ પક્ષવાળાને અમો તમામની રાજીખુશીથી લખી આપીએ છીએ કે ... ...

૧. ગુજરાત રાજ્ય ના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા, રજીસ્ટ્રેશન સબ - ડીસ્ટ્રીકટ વડોદરા વિભાગ-૪ ના મોજે ગામ : ગોત્રી ની સીમમાં બ્લોક / સર્વે નંબર : ૯૦૫ પૈકી ૧ છે. જે ટી.પી સ્કીમ નંબર : ૬૩ માં આવેલ ફાઈનલ પ્લોટ નંબર : ૧૦૧/૨ છે. જેનો સીટી સર્વે નંબર : ........... છે. જેનું ફાઈનલ પ્લોટનું ક્ષેત્રફળ : ૮૮૨.૦૦ ચો. મીટર છે. તે જમીન અમોએ તારીખ : ૨૮/૦૫/૨૦૧૮ ના રોજ વેચાણ દસ્તાવેજ રજીસ્ટર નંબર : ૫૮૦૩ થી સબ - રજીસ્ટાર કચેરી, વડોદરામાં વેચાણ દસ્તાવેજ નોંધાવી માલિક બન્યા છીએ. તેથી, સદર જમીન અમો / બીજા પક્ષવાળાની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની છે.

MANORATH REALTY LLP

P.T. Patel

Partner

૨. (એ) સદરહું ખેતી વાળી જમીન અંગે વડોદરા જીલ્લા કલેકટરશ્રીએ તેમનાં હુકમ ક્રમાંક તત્કાલ / એન.એ. / એસ.આર./૬૧/૨૦૧૬-૨૦૧૭, નંબર જમીન ડી / કલમ-૬૫ / વશી / ૯૨૧૦ થી ૯૨૧૮ / ૨૦૧૬, તારીખ : ૦૩/૧૨/૨૦૧૬ થી સદરહું જમીન બીનખેતીનાં વાપર ઉપયોગ માટેની મંજુરી આપેલ છે તથા સદરહું જમીન વડોદરા અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટીનાં ઝોન સર્ટીફીકેટ મુજબ રહેણાંક ઝોનમાં આવેલ છે.

(બી) સદર જમીનમાં બાંધકામ કરવાની પરવાનગી વડોદરા મહાનગર સેવાસદન તરફથી રજાચીઠ્ઠી નંબર : **એપાર્ટમેન્ટ-....., વોર્ડ-૧૧, ૨૦૧૯-૨૦૨૦, તા**...................... થી મેળવ્યા મુજબ અને મંજુર થયેલ નકશા મુજબ **"રાધે શ્યામ રેસીડન્સી "** નામના એપાર્ટમેન્ટનું આયોજન કરવામાં આવેલ છે.

(સી) જોગ પ્રમોટરે સદર પ્રોજેકટ કાયદેસર રીતે રીઅલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટીની જોગવાઈઓને આધીન Reg. No ............................................ થી નોંધણી કરાવેલ છે.

૩. જત, સદર અમો / બીજા પક્ષવાળા / લખી આપનાર, તમો / લખી લેનારને નીચે પરિશિષ્ટમાં જણાવેલ મિલકત **રૂા....................../- અંકે રૂપિયા** ............................ **પુરા** માં વેચાણ આપીએ છીએ. જે અવેજની રકમ બીજા પક્ષવાળાને નીચેની વિગતથી મળી ગયેલ છે. તેના બદલામાં સદર વેચાણ દસ્તાવેજ લખી આપવામાં આવે છે.

**<u>અવેજની વિગત</u>**

રૂા............../- તારીખ : ........... ના રોજ ..................
...........................................
રૂા............../- તારીખ : ........... ના રોજ ..................
...........................................

---------------------

રૂા............../- અંકે રૂપિયા ....................... પુરા

MANORATH REALTY LLP
P.T. Patel
Partner

ઉપરોકત અવેજની વિગતમાં જણાવેલ ચેક બેંકમાં પાસ થયેથી તેના બદલામાં પરિશિષ્ટમાં જણાવેલ મિલકત તમોને વેચાણ આપેલ છે અને તેનો પ્રત્યક્ષ કબજો અમો / લખી આપનારે, તમો / લખી લેનારને આજ રોજ થી આપવાનો રહેશે અને તમો લખી લેનારે તે સમયે સદર પરિશિષ્ટમાં જણાવેલ મિલતનો રૂબરૂ અને પ્રત્યક્ષ કબજો માલિકી હક્કે સંભાળવાનો રહેશે.

૪. સદર જમીન મિલકત ઉપર કોઈ પણ વ્યકિત, બેંક, શ્રોફ યા નાણાંકિય સંસ્થાનો ચાર્જ, ગીરો, બોજો કે લીયન કે સુખાધીકાર અગરતો કોઈ પણ પ્રકારનો કોઈ પણ હક્ક કે અધિકાર અમો / લખી આપનારે ઉભો કરેલ નથી. તેમજ સદર જમીન મિલકત અમોએ અન્ય કોઈને જામીન ગીરીમાં લખી આપેલ નથી કે તેના ઉપર કોર્ટનો મનાઈ હુકમ કે એટેચમેન્ટ નથી. સદર જમીન મિલકત અંગે અમોએ કોઈ પણ પ્રકારના વેચાણ કે ટ્રાન્સફર કરવા અંગેનો કરાર, બાનાખતથી કે ભેટ કરારથી કે લેખીત યા મૌખીક અન્ય કોઈ પણ

વ્યક્તિ, સંસ્થા કે વ્યક્તિના સમુહની તરફેણમાં કરી આપેલ નથી. અમો / લખી આપનારે તમોને વેચાણ આપેલ મિલકતના ટાઈટલ કિલયર અને માર્કેટેબલ છે તેવો પાકો ભરોસો અને વિશ્વાસ આપીએ છીએ. તેમ છતાં સદર જમીન મિલકતના ટાઈટલ અંગે કોઈ પણ જાતનો વાંધો અગર તકરાર યા અડચણ ઉભી થાય તો તે તમામ હરકતો અમો / લખી આપનાર, તમોને અમારા ખર્ચે દુર કરાવી આપીશું. જો તે તમારે દુર કરવા યા કરાવવાનો પ્રસંગ આવેતો તે અંગેનો તમામ ખર્ચ અમો / લખી આપનાર તમોને તાત્કાલીક કોઈપણ પ્રકારની તકરાર સીવાય ચુકવી આપવા માટે બંધાયેલા છીએ તેની બાંહેધરી અને વિશ્વાસ આપવામાં આવે છે.

૫. સદર જમીન મિલકત અંગેના આજદિન સુધીના તમામ સરકારી તેમજ અર્ધ-સરકારી વેરા, વડોદરા મહાનગર સેવાસદનના ટેક્ષ તથા રેવન્યુ ટેક્ષ અમોએ ભરેલા છે અને સદર વેચાણ દસ્તાવેજ થયા બાદના તમામ વેરા તથા ટેક્ષ તમો / વેચાણ લેનારે ભરવાના રહેશે. પરંતુ સદર વેચાણ દસ્તાવેજ થયા બાદ ભવિષ્યમાં આજદિન સુધીના જો કોઈ વેરા અથવા ટેક્ષ બાકી નીકળી આવશે તો તે તમામ રકમ અમો / લખી આપનારે ભરવાની રહેશે તેવી બાંહેધરી અને વિશ્વાસ આપવામાં આવે છે. સદર વેચાણ દસ્તાવેજની સ્ટેમ્પ ડયુટી, નોંધણી ફી, લખાઈ ફી વિગેરે જેવો તમામ ખર્ચ તમો / લખી લેનારે ભોગવેલ છે અને ભવિષ્યની જે કાંઈ વધારાની સ્ટેમ્પ ડયુટીની રકમ ભરવાની આવે તો તે તમામ રકમ ભરવાની જવાબદારી તમો / વેચાણ લેનારની છે.

૬. સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ વેચાણ આપેલ મિલકત તમો / વેચાણ રાખનારને નળ, ડ્રેનેજ, ગેશ કનેકશન, લાઈટ, ટોઈલેટ, બાથરૂમ, તાર, ટેલીફોન, ડીશ, ઈન્ટરનેટ, કોમન લીફટ, સ્ટ્રીટ લાઈટ વિગેરે તમામ સુવીધાઓને લાગતા તમામ પ્રકારના હક્કો સહ, હવા ઉજાસ તથા સુખાધીકારના હક્કો સાથેની તથા તેને લાગતા વળગતા સોસાયટીના આંતરીક તથા સહીયારા રસ્તાના તથા પાણી નિકાલના સર્વે પ્રકારના હક્કો સાથેની મિલકતના તમામ પ્રકારના કોમન હક્કો સાથેની તથા **"રાધે શ્યામ રેસીડન્સી"** ના સભાસદ તરીકેના તમામ હકકો યાવત ચંદ્ર દિવાકરો, કુલ અભરામના દાવે સુરજ ચંદ્ર તપે ત્યા સુધીના હક્કો તથા અધિકાર સાથે આજરોજ વેચાણ આપવામાં આવે છે. સદર પરિશિષ્ટમાં જણાવેલ મિલકતના તમો / પ્રથમ પક્ષવાળા આજથી માલિક થયા છો અને આ મિલકતનો માલિકી હક્ક ટાવરના નિયમોને આધિન રહીને તમારે ઉપયોગ અને ઉપભોગ કરવા તથા કરાવવાનો છે. સદર પરિશિષ્ટમાં જણાવેલ મિલકત ઉપર તમો આજથી સંપૂર્ણ હક્ક ધરાવો છો અને તેમાં અમો તથા અમારા વંશ, વાલી, વારસદારોનો કોઈપણ જાતનો લાગ, ભાગ, હક્ક, હિસ્સાનો સંબંધ રહેતો નથી.

MANGRATH REALTY LLP
P. T. Patel
Partner

૭. સદર **"રાધે શ્યામ રેસીડન્સી"** નામની યોજના પૈકી નીચે પરિશિષ્ટમાં જણાવેલ એપાર્ટમેન્ટમાં આવેલ મિલકત સદર વેચાણ દસ્તાવેજથી તમોને વેચાણ આપેલ છે. તેથી સદર દરેક ટાવરના ગ્રાઉન્ડમાં આવેલ કોમન પાર્કિંગની જગ્યા ટાવરના તમામ સભાસદો / મેમ્બરોએ કોઈને આવવા-જવામાં અડચણ રૂપન થાય તે રીતે પાર્કીંગ કરવાનું છે. કોઈ પણ સભાસદ અમુક ચોક્કસ જગ્યામાં પાર્કિંગ કરવા હક્ક અને અધિકાર કરી શકશે નહી. તમામ સભાસદોએ અનુકુળતા મુજબ પાર્કિંગ માટે મળેલ જગ્યામાંજ પાર્કિંગ

કરવાનું છે અને તમામ સભાસદોએ / મેમ્બરોએ પાર્કીંગની જગ્યામાં કોઈ પણ જાતનુંપાર્કીંગ અર્થે અથવા અન્ય કોઈપણ અર્થે બાંધકામ કરવાનું નથી.

૮. અમો / લખી આપનારે, તમો / લખી લેનારને વેચાણ આપેલ મિલકતના તમો સ્વતંત્ર માલિક છો અને સદર વેચાણ દસ્તાવેજના આધારે સદરહું મિલકત સીટી સર્વે કચેરી, વડોદરા મહાનગર સેવાસદન કચેરી, મધ્ય ગુજરાત વિજ કંપની લિ., રેવન્યુ દફતરે તથા સરકારી તેમજ અર્ધ-સરકારી તથા અન્ય સંસ્થા વિગેરેમાં તમો / વેચાણ રાખનારના નામે કરાવી શકશો. આ માટે અમો / લખી આપનારની જયાં જયાં અને જયારે જયારે સહી-સંમતીની જરૂર પડે ત્યાં અને ત્યારે તે તમામ તમો / લખી લેનારને કરી આપવા માટે કાયદેસર બંધાયેલા છીએ, પરંતુ તેની કાર્યવાહી તમોએ તમારા ખર્ચે કરવાની રહેશે.

૯. સદર વેચાણ આપેલ ફ્લેટ **"રાધે શ્યામ રેસીડન્સી"**ના એપાર્ટમેન્ટના તમામ સભાસદો / મેમ્બરો ભેગા મળીને જાળવણી, સાચવણી, સફાઈ, નીભાવણી, કોમન મેન્ટેનન્સ, ચાર્જીસ માટે વિકાસ મંડળ કે એશોસીએશનની રચના કરવામાં આવે તો તેમાં તમો / લખી લેનારે ફરજીયાત સભાસદ / મેમ્બર થવાનું રહેશે અને તેના નીતી નીયમોનું ફરજીયાત પણે પાલન કરવાનું રહેશે. તેથી સદર એપાટમેન્ટ ના તમામ સભાસદોએ જે કાંઈ સહીયારા હક્ક અને અધિકાર મળવા પાત્ર છે તે તમામ તમો મેળવાને હક્કદાર છો અને વહિવટ ખર્ચ, કોમન સુવીધા માટે વરાડે/સરખા ભાગે આવતો ખર્ચ પણ તમારે આપવાનો રહેશે. કોમન પેસેજ તથા લીફટમાં અન્ય કોઈને પણ કોઈને અડચણ રુપ થાય તોવે માલ-સામાન મુકવાનો નથી તથા તમામ સભાસદોને સહકાર આપવાનો રહેશે તેવી સ્પષ્ટ સમજુતી અને શરતથી સદર વેચાણ દસ્તાવેજ તમોને લખી આપવામાં આવેલ છે.

૧૦. નીચે પરિશિષ્ટમાં જણાવેલ એપાર્ટમેન્ટના તમામ સભ્યો માટે ઓવર હેડ તથા અંડર ગ્રાઉન્ડ પાણીની ટાંકી છે, તેમાંથી બધાને પાણી મળશે અને તે અંગે જે મોટર પંપ, તે માટે લાઈટ લાઈટ જે કાંઈ મુકવામાં આવે તેનો નીભાવણી ખર્ચ, લાઈટ બીલ તથા સામુહીક વપરાશની તમામ ચીજ વસ્તુઓના રીપેરીંગ ખર્ચ, મેન્ટેનન્સ, ચાર્જીસ વિગેરે જેવા તમામ ખર્ચ તથા નવીન નાખવાનો ખર્ચ ટાવરના તમામ સભાસદોએ વરાડે / સરખા હીસ્સે આપવાનો છે તે પ્રમાણે તમોએ પણ આપવાનો રહેશે.

MANORATH REALTY LLP
P.T. Patel
Partner

૧૧. સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ એપાર્ટમેન્ટની બહાર બાલ્કની, ગ્રીલ, કલર તથા એલીવેશનમાં કોઈ પણ મેમ્બર / સભાસદોએ કોઈપણ જાતનો ફેરફાર **કરવાનો નથી. સદર એપાર્ટમેન્ટના સ્ટ્રકચરમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર જેવોકે** બીબ કે કોલમમાં સુધારો – વધારો કોઈ પણ સંજોગોમાં હાલમાં કે ભવિષ્યમાં થઈ શકશે નહી તેમજ સદર સમગ્ર **"રાધે શ્યામ રેસીડન્સી"**નામની યોજનાના વડોદરા મહાનગર સેવાસદને બાંધકામ અર્થે મંજુર કરેલ નકશામાં દર્શાવ્યા મુજબ ખુલ્લી જમીનમાં કોઈ પણ પ્રકારે કોઈ પણ ટાવરના સભાસદ / મેમ્બર હાલમાં કે ભવિષ્યમાં અંગત માલિકી માગી શકશે નહી. તે જમીન કાયમને માટે ખુલ્લી રાખવા વેચાણ રાખનાર તથા સમગ્ર યોજનાના અન્ય સભાસદો બંધાયેલા છે અને રહેશે.

૧૨. નીચે પરિશિષ્ટમાં જણાવેલ વેચાણ આપેલ મિલકતની જે દિવાલો બાજુની મિલકત સાથે લાગીને આવેલ છે તે તથા સ્લેબની ઉપર – નીચે તમામ દિવાલો તે બંન્નેની સહીયારી ગણાશે અને તેનું માપ દિવાલના મધ્ય બિંદુથી ગણવાનુ છે.

૧૩. સમગ્ર **"રાધે શ્યામ રેસીડન્સી"** યોજનાની તમામ સામુહીક સુવિધાઓ જે એમીનીટીશ, વિગેરે તમામ સામુહીક સુવિધાઓમાં તમો / વેચાણ રાખનાર કોઈપણ પ્રકારે માલિકી હક્ક કરી શકશે નહી કે જુદો ભાગ માંગી શકશે નહી. તે તમામ સુવિધાઓના કાયમેને માટે માલિકી હકક અને અધિકાર બીજા પક્ષવાળાની રહેશે.

૧૪. પ્રોજેક્ટ પૂર્ણ થયા પ્રમોટર સોસાયટીનું રજીસ્ટ્રેશન કરાવા બંધાયેલ છે. પ્રોજક્ટ પૂર્ણ થયા કોમન એરિયા, કોમન સુવિધા, કોમન અગાસી, સોસાયટીને આપી દેવામાં આવશે કોમન સુવિધા, કોમ અગાસી અને કોમ એરિયા બધા જ સોસાયટીના સભ્યોના સહિયારી વપરાશ માટે છે. ભવિષ્યમાં કોઈ કાયદામાં જરૂરિયાત ઊભી થાય તો કોમન એરિયા, કોમન ફેસીલિટી અને કોમન અગાસીનું વેચાણખત સોસાયટીને કરી દેવામાં આવશે.

૧૫. સદર મીલકત ભવિષ્યમાં તમો / વેચાણ રાખનાર નીચે પરિશિષ્ટમાં જણાવેલ ફલેટ વેચાણ અથવા તબદિલ અથવા ગીરો કરો ત્યારે સદર વેચાણ દસ્તાવેજથી તમોને જે જે હકકો અને અધિકારો મળેલ છે, ફકત તેજ મળેલ હક્કો અને અધિકારો તથા સદર વેચાણ દસ્તાવેજમાં જણાવેલ ઉપરના નીયમો તથા શરતોને તથા વખતો વખત બનાવવામાં આવેલ નીયમોને આધિન હક્કો અને અધિકારો સહ વેચાણ અથવા તબદિલ અથવા ગીરો કરી શકશો તેવી સ્પષ્ટ શરત સહ સદર વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

૧૬. કબજો લેવાની કાર્યવાહી: પ્રમોટર, સક્ષમ સત્તાધિકારી પાસેથી ઓક્યુપન્સી સર્ટીફીકેટ મેળવ્યા બાદ અને એલોટી દ્વારા સદર કરાર મુજબ નાણાંની ચુકવણી થયા બાદ ૩ મહિનાની અંદર એલોટીને એપાર્ટમેન્ટ/પ્લોટનો કબજો સોંપશે. પ્રમોટર એ બાબતે ખાતરી આપે છે કે પ્રમોટરના પક્ષે પૂર્ણ કરવાની આવતી કોઈ પણ પ્રકારની જોગવાઈ, ઔપચારિકતા કે દસ્તાવેજીકરણને લગતી બાબતોની પૂર્તતા તે કરી આપશે. પ્રમોટર ઓક્યુપન્સી સર્ટીફીકેટ માન્યાના દિન-૭ ની અંદર તેના વતી એલોટીને એપાર્ટમેન્ટનો કબજો સોંપવાની કાર્યવાહી કરશે.

૧૭. પ્રમોટર દ્વારા લેખિતમાં સદર એપાર્ટમેન્ટ ઉપયોગ તેમજ રહેઠાણ માટે તૈયાર હોવાની નોટીસ મળ્યેથી એલોટી દિન-૧૫ માં એપાર્ટમેન્ટનો કબજો લેશે.

૧૮. એલોટી દ્વારા એપાર્ટમેન્ટ/પ્લોટનો કબજો લેવામાં ચૂક થવી :ઉપરોકત મુદા ૧૬ મુજબ પ્રમોટર દ્વારા લેખિત સૂચના મળ્યેથી, એલોટી સદર કરારમાં દર્શાવેલ આવશ્યક ક્ષતિપૂર્તિઓ, બાંહેધરીઓ અને દસ્તાવેજોની પૂર્તતા કર્યા બાદ કબજો લેશે અને પ્રમોટર એલોટીને એપાર્ટમેન્ટ/પ્લોટનો કબજો સોંપશે. જો એલોટી મુદા નં. ૧૬ માં દર્શાવેલ સમયમાર્યદામાં કબજો લેવામાં નિષ્ફળ જાય કે ચૂક કરે તેવા સંજોગોમાં એલોટી લાગૂ પડતા મેન્ટેનન્સ ચાર્જ ચુકવવા બંધાયેલ છે.

MANORATH REALTY LLP
P. T. Patel
Partner

૧૯. સદર એપાર્ટમેન્ટનો કબજો એલોટીને સોંપ્યા બાદ પાંચ વર્ષના સમયગાળાની અંદર એલોટી એપાર્ટમેન્ટની અંદર અથવા તો બિલ્ડીગ જયા એપાર્ટમેન્ટ સ્થિત છે તેમાં, કોઈ પણ પ્રકારની માળખાકીય ક્ષતિ અથવા કારીગરી,

ગુણવતા કે સેવાની જોગવાઈને કારણે ઉદભવેલ ક્ષતિ પ્રમોટરના ધ્યાને લાવે, તેવા સંજોગોમાં, શક્ય હોય ત્યાં પ્રમટર પોતાને ખર્ચે આવી ક્ષતિ સુધારી આપશે અને જો તે રીતે ક્ષતિપૂર્તિ શક્ય ન હોય તો એલોટી પ્રમોટર પાસેથી કાયદામાં સચૂવે પદ્ધતિએ વળતર મેળવી શકે છે. જોકે પ્રમોટરના નિયંત્રણ બહારની હોય તેવી કોઈ પણ પ્રકારની માળખાકીય ક્ષતિ અથવા કારીગરી, ગુણવતા કે સેવાની જોગવાઈની ક્ષતિપૂર્તિ માટે પ્રમોટર જવાબદાર રહેશે નહી.

૨૦. સદર કરારમાં દર્શાવેલ એપાર્ટમેન્ટ અથવા પ્લોટ અથવા બિલ્ડીંગ કે તેના કોઈ પણ ભાગને લગતી બાબતનો કાનુની હેતુ માટે ઉપયોગ થઈ શકશે નહી. સદર કરારની રૂએ એલોટીને વેચવામાં આવેલ એપાર્ટમેન્ટ સહિતની ખુલ્લી જગ્યા, પાર્કીંગ સ્પેશ, લોબી, દાદર, ટેરેસ, મનોરંજન સ્થળ વગેરે પર એલોટી પોતાનો દાવો કરી શકશે નહીં જ્યાં સુધીતે સદર કરારમાં દર્શાવ્યા મુજબ હસ્તાંતરિત કરવામાં ન આવેલ હોય.

૨૧. **વિવાદનું નિરાકરણ :** કોઈ પણ વિવાદનો નિકાલ સમાધાનથી લાવવાનો રહેશે. જો સમાધાનથી ઉકેલ ન આવે તેમ હોય તો, રીઅલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ, ૨૦૧૬ ના નિયમો અને શરતોની જોગવાઈઓને આધીન .................... સત્તા સમક્ષ પ્રસ્તુત કરવામાં આવશે.

૨૨. **સંચાલક કાયદો :** સદર કરારની રૂએ ઉદભવેલ પક્ષકારોના અધિકાર અને ફરજોનું અર્થઘટન અને અમલ ભારત સરકારના જે-તે વખતના લાગુ કાયદા-કાનુન અનુસાર કરવાનું રહેશે અને ન્યાયક્ષેત્ર............ ની નામદાર કોર્ટનું રહેશે.

૨૩. **એલોટી/અનુગામી એલોટી માટે સદર કરારની જોગવાઈઓ :**
સદર કરારની કોઈ પણ જોગવાઈથી કોઈ પણ કાયદા કે નિયમનો ભંગ થતો હોય અથવા તે અન્ય કાયદા હેઠળ તે બિનઅમલકારક હોય અથવા તેનાથી તે જોગવાઈને રદબાતલ કરવામાં આવશે અથવા તેમાં અમલમાં હોય તે કાયદા અનુસાર સુધારા-વધારા કરવામાં આવશે. તે સિવાયની કરારની અન્ય જોગવાઈઓ કરારની મુદત દરમ્યાન યથાવત અને અમલપાત્ર રહેશે.

૨૪. સદર નીચે પરીશીષ્ટમાં જણાવેલ મીલકત તમો લખી લેનારને તા............. ના રોજ રજીસ્ટર અનુક્રમ નં. ............ થી અમો લખી આપનારે બાનાખત કરારથી વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને તે રુઈએ તથા તેમાં ઉલ્લેખ કરેલ શરતો અને નિયમો સહિત આ વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે.

૨૫. બી.યુ પરમીશન મળ્યા પછી ભવિષ્યમાં મળવા પાત્ર એફ.એસ.આઈ. અગાસી, હકકો તથા કોમન જગ્યા ઉપર હકકો એલોટી દ્વારા બનાવેલ સોસાયટીના રહેશે અને તેના ઉપર એક તરફવાઈળાનો કોઈપણ પ્રકારનો હકક રહેશે નહી.

## પરિશિષ્ટ
## વેચાણ આપેલ મિલકતનું વર્ણન

ગુજરાત રાજ્ય ના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા, રજીસ્ટ્રેશન સબ - ડીસ્ટ્રીકટ વડોદરા વિભાગ-૪ ના મોજે ગામ : ગોત્રી ની સીમમાં બ્લોક / સર્વે નંબર : ૯૦૫ પૈકી ૧ છે. જે ટી.પી સ્કીમ નંબર : ૬૩ માં આવેલ ફાઈનલ પ્લોટ નંબર : ૧૦૧/૨ છે. જેનો સીટી સર્વે નંબર : .......... છે. જેનું ફાઈનલ પ્લોટનું ક્ષેત્રફળ : ૮૮૨.૦૦ ચો. મીટર છે તે જમીનમાં બાંધકામ અર્થે મંજુર થયેલ નકશા મુજબ તથા મેળવેલ મંજુરી મુજબ આયોજીત **"રાધે શ્યામ રેસીડન્સી"**નામની યોજનાનું આયોજન કરવામાં આવેલ છે. તે પૈકી નીચે જણાવેલ ટાવર અને ફલેટ અને તેના માપ વાળી મિલકત તમોને વેચાણ આપેલ છે.

MANORATH REALTY LLP
P.T. Patel
Partner

| ફલેટ નંબર | બાંધકામનુ ક્ષેત્રફળ કારપેટ (ચો. મીટર) | બાલ્કની (ચો. મીટર) | વરાડે પડતી વણ વહેંચાયેલ જમીનનું ક્ષેત્રફળ (ચો. મીટર) | પાર્કીંગ ચો. મીટર | અગાસી નું ક્ષેત્રફળ (ચો. મીટર) |
|---|---|---|---|---|---|
| | | | | | |

ઉપર જણાવેલ મીલકતની ચતુ : સીમા નીચે મુજબ છે.

પૂર્વે :

પશ્ચિમે :

ઉત્તરે :

દક્ષિણે :

સદર વેચાણ દસ્તાવેજ અમો / બીજા પક્ષવાળા અમારી સ્વતંત્ર ઈચ્છા અને તમો / પ્રથમ પક્ષવાળાની મરજીથી આજરોજ વાંચી, વંચાવી, સમજી, વિચારી, દીલના સાવધ પણામાં, અકકલ હોંશીયારીથી, બીનકેફ અવસ્થામાં તેમજ કોઈ પણ ધાક - ધમકી, રજુઆત તે ગેર સમજુતી સીવાય, સભાણ અવસ્થામા અમારી રાજી ખુશીથી કરેલ છે. જે અમોને તથા અમારા વંશ, વાલી, વારસોને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે અને તે બદલ અમો અમારી સહી નીચે સાક્ષીઓની રુબરુમાં કરી આપેલ છે.

સ્થળ : વડોદરા    તારીખ : ...../..../૨૦૧૯

**લખી આપનાર / જમીન માલિક / બીજા પક્ષવાળા :**

મનોરથ રીયાલ્ટી એલ એલ પી

નામની ભાગીદારી પેઢી ના વહીવટકર્તા ભાગીદાર

-----------------------

પંકજભાઈ ઠાકોરભાઈ પટેલ

MANORATH REALTY LLP
P.T. Patel
Partner

**સાક્ષી :**

.........................

.........................

... ...

<u>મિલકતનો ફોટો</u>

MANORATH REALTY LLP
P. T. Patel
Partner

ફલેટ નંબર : ........, "રાધે શ્યામ રેસીડન્સી", ગોત્રી, તા.જી. વડોદરા.

------------------ ------------------

... ...

રજીસ્ટ્રેશન એક્ટ, ૧૯૦૮ ની કલમ ૩૨ (અ) મુજબ શિડયુલ

લખી લેનાર

------------------------

------------------------

લખી આપનાર

મનોરથ રીયાલ્ટી એલ એલ પી
નામની ભાગીદારી પેઢી ના વહીવટકર્તા
ભાગીદાર

------------------------
પંકજભાઈ ઠાકોરભાઈ પટેલ

MANORATH REALTY LLP
P. T. Patel
Partner

દસ્તાવેજ નંબર : ............ તારીખ : ................

## // પરીશિષ્ટ //

નોંધણી અધિનિયમ - ૧૯૦૮ની કલમ -૩૪ની પેટા કલમ-૩ મુજબનુ ચેકલીસ્ટ.

| અ.નં. | પ્રશ્ન | જવાબ (હા કે ના) |
|---|---|---|
| લખી આપનાર, સંમતિ આપનાર કે તેઓના કુ.મુ.ને પુછવાના પશ્નો : | | |
| ૧ | લેખમાં દર્શાવ્યા મુજબ ગોત્રી (મહેસુલી ગામનું નામ ) ગામની બ્લોક નંબર : ૯૦૫-પેકી, ટી.પી. ૬૩, એફ.પી. ૧૦૧/૨ છે.તેમાં **"રાધે શ્યામ રેસીડન્સી"** નામની યોજના ......ફલોર ઉપર ફલેટ નંબર : .......... નો વેચાણ (લેખનો પ્રકાર)લેખ કરી આપેલ છે ! | હા |
| ૨ | લેખમાં દર્શાવ્યા મુજબ ............... ચો. મીટર (ચો.મી. / હે.આરે. ચો.મી./વીઘા વિ.) ખેતી/બીનખેતીનીમીલકત માટે લેખ કરી આપેલ છે . | હા |
| ૩ | લેખમાં દર્શાવ્યા મુજબની વિગતે અવેજની રકમ મળેલ છે. | હા |
| ૪ | લેખમાં દર્શાવેલ વિગતો વાંચી, વંચાવીને, સમજી, વિચારીને તમે પોતે જાતે જ સહી / અંગુઠાની છાપ કરેલ છે તે તમે કબુલ રાખો છો | હા |
| ૫ | પાવર ઓફ એટર્ની આપનાર દસ્તાવેજની તારીખે હયાત છે ? | |
| ૬ | પાવર ઓફ એટર્નીના લેખમાં પાવર ઓફ એટર્ની આપનાર વ્યકિત/ઓ એ સહી / અંગુઠાનું નિશાનકરેલ છે ? | |
| ૭ | પાવર ઓફ એટર્ની નો લેખ દસ્તાવેજની તારીખે અમલ માં છે ? | |
| ૮ | ઓળખાણ આપવા સારું તમને ઓળખતા હોય તેવી વ્યકિતઓ સાથે લાવ્યા છો | હા |
| ઓળખાણ આપનારને ને પુછવાના પશ્નો : | | |
| ૧ | દસ્તાવેજ લખી આપનાર વ્યકિત/ ઓ કે જેઓએ કબુલાત આપી તેઓને તમે જાતે ઓળખો છો | હા |
| ૨ | દસ્તાવેજમાં લખેલ નામ અને કબુલાત આપનાર વ્યકિત / ઓ એક જ છે | હા |
| ૩ | કોઈ વ્યકિતએ ખોટું નામ ધારણ કરીને કબુલાત આપી નથી એવી તમે ખાતરી આપો છો | હા |

વેચાણ આપનાર/ સંમતિ આપનાર / કુ.મુ.ની સહી. ઓળખાણ આપનારની સહી

___________________

પંકજભાઈ ઠાકોરભાઈ પટેલ

___________________

___________________

(સહી)

સબ રજીસ્ટ્રાર : ...........

MANORATH REALTY LLP
P. T. Patel
Partner